## <u>રવિ પાક અંતર્ગત ખેડુતો બટાટા વાવેતરનો વિસ્તાર વધારવાનો નિર્ણય લઈ શકે છે</u>

બટાટા એ મુખ્ય ખાદ્ય પાક છે જે વિશ્વના ૧૦૦ થી વધુ દેશોમાં ઉગાડવામાં આવે છે. વિશ્વના બટાટાના અડધા ઉત્પાદનમાં એકલા એશિયાનો હિસ્સો છે, જ્યારે ચીન અને ભારત આ ઉત્પાદનમાં લગભગ ૩૮% હિસ્સો ધરાવે છે. બટાટાના વપરાશના કિસ્સામાં, છેલ્લા કેટલાક દાયકાઓમાં ભારતની સ્થાનિક માંગ ધીરે ધીરે વધી રહી છે.

ભારતમાં વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન બટાટાનો વાવેતર વિસ્તાર આશરે ૨૧.૫૮ લાખ હેક્ટર હતો તેમજ ઉત્પાદન આશરે ૫૦.૧૯ મેટ્રિક ટન નોંધાયેલ છે જે ગત વર્ષ ૨૦૧૮-૧૯માં આશરે ૫૧.૩૦ મેટ્રિક ટન હતું.

ગુજરાતમાં વર્ષ ૨૦૧૯-૨૦ માં બટાટા હેઠળનું વાવેતર ૧.૧ લાખ હેક્ટર (ચોથો આગોતરો અંદાજ, કૃષિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર, ગુજરાત) નોંધાયેલ, જે ગત વર્ષ ૨૦૧૮-૧૯ની સરખામણીએ ૧.૨૧ લાખ હેક્ટર (ધારેલ અંતિમ આગોતરો અંદાજ, કૃષિ કલ્યાણ વિભાગ, ગાંધીનગર, ગુજરાત) રહેલ. વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન બટાટાના ઉત્પાદનનું અનુમાન આશરે ૩૬.૬ લાખ મેટ્રિક ટન જેટલું થયું હતું જે વર્ષ ૨૦૧૮-૧૯માં ૩૬.૫૫ લાખ મેટ્રિક ટન થયેલ.

બટાટાનો સંગ્રહ લાંબા સમય સુધી કરી શકતા હોવાથી હાલમાં કોવિડ-૧૯ ની મહામારીમાં બટાટાની માંગમાં વધારો થયેલ જેથી તેના ભાવમાં પણ વધારો થયો હતો.

દેશમાં સૌથી વધારે બટાટાનું ઉત્પાદન કરતું રાજ્ય ઉત્તર પ્રદેશના વેપારીઓના મુજબ, આગામી વર્ષના માર્ચ મહિના સુધી ભાવ સ્થિર રહેશે. ગત વર્ષ કરતા આ વર્ષે બટાટાના ઓછા ઉત્પાદન અને વધુ માંગ તેમજ બિયારણની ઘટ અને તેના ઊંચા ભાવને કારણે બટાટાનો વાવેતર વિસ્તાર ઘટી શકે છે જેથી બટાટાના ઉત્પાદનમાં તેની અસર રહેશે.

આ બધી ઉપલબ્ધ માહિતી અને વેપારીઓ સાથે કરેલા પરામર્શને ધ્યાનમાં લેતા, સેન્ટર ઑફ એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલીજન્સ નાહેપ-કાસ્ટ પ્રોજેક્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે સંશોધન હાથ ધરવામાં આવેલ જેમાં ગુજરાતનાં બટાટાનાં મુખ્ય માર્કેટ યાર્ડનાં ગત વર્ષોના માસિક ભાવોનુ વિશ્લેષણ કરેલ. જેના તારણ પરથી અનુમાન છે કે ફેબ્રુઆરી - માર્ચ ૨૦૨૧ દરમિયાન બટાટાના ભાવ કાપણી વખતે **રૂ. ૨૩૦ થી રૂ. ૩૫૦/ ૨૦ કિલો. (રૂ. ૧૧૫૦ થી રૂ. ૧૭૫૦ પ્રતિ ક્વિન્ટલ)** રહી શકે છે.

કોવિડ-૧૯ ની મહામારી તેમજ લોકડાઉનને ધ્યાનમાં લેતા ઉપરોક્ત ભાવમાં ફેરફાર થઈ શકે છે.

બટાટાની ખેતી કરતાં ખેડૂતમિત્રોને પોષણક્ષમ ભાવ મળવાની સંભાવના હોઈ તેઓ પોતાનો વાવેતર વિસ્તાર પોતાની જાતે વધારી શકે છે.